**ક્રમાંક–૧૦**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**બુધવાર, તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૭૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.**

(૧) જી–રાઇડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુત**

(૨) ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયા**

(૩) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુત**

(૪) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૫) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ખાણ અને ખનીજ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુત**

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુત**

(૭) આણંદ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનાં નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૮) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૯) ગુજરાત લોકાયુક્તનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**૩. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

(૧) **કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પાંચમા અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

(૨) **બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવાએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

**૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૫. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૩, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૬ તથા પાણી પુરવઠોને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૭ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯, માગણી ક્રમાંક-૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦, ૧૧, ૧૨, ૧૪ અને ૧૫, માગણી ક્રમાંક-૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ તથા માગણી ક્રમાંક-૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩, ૨૪, ૨૬, ૨૮, ૨૯ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી૦.

કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) ડો. તુષાર ચૌધરી | (૬) શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| (૨) શ્રી સી.કે. રાઉલજી | (૭) શ્રી યોગેશભાઇ પટેલ |
| (૩) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા | (૮) શ્રી દુર્લભજી દેથરીયા |
| (૪) શ્રીમતી કંચનબેન રાદડીયા | (૯) શ્રી ભીખાભાઇ બારૈયા |
| (૫) શ્રી કાળુભાઇ ડાભી | (૧૦) શ્રી જનકભાઇ તળાવીયા |

**(વિરામ બપોરના ૨-૩૦થી ૩.૦૦)**

| | |
|---|---|
| (૧૧) શ્રીમતી સેજલબેન પંડ્યા | (૧૪) શ્રી કનૈયાલાલ કિશોરી |
| (૧૨) શ્રી યોગેન્દ્રસિંહ પરમાર | (૧૫) શ્રી શૈલેષભાઇ મહેતા |
| (૧૩) શ્રી ગુલાબસિંહ ચૌહાણ | (૧૬) શ્રી ધવલસિંહ ઝાલા |

ત્યારબાદ ચર્ચાનો જવાબ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપ્યો. ( પ્રવચન અધૂરું )

**૭. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૪–૪૪)

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરી રહેલ ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૬૬ અને ૬૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૨૯ અને ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨, ૨૩, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ગુરુવાર તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.